RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 20 Date: 09.11.2023,Thursday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# તમે કેટલા નીચા જઈ શકશો, તમે વિધાનસભામાં માતા-બહેનોનું અપમાન કરી રહ્યા છો, વડાપ્રધાન મોદી નીતિશ પર ભડક્યા



**દરેક વ્યક્તિ જાણે છે કે પોતાના વંશને આગળ વધારવા માટે કોઈ પોતાના સંતાનોના લગ્ન કરાવે છે, તો મુખ્યમંત્રીએ પણ એવું જ કહ્યું હતું કે આમાં વાંધો શું છે?**

ગુના,તા.૮

પીએમ મોદીએ બિહારના સીએમ નીતિશ કુમાર દ્વારા સેક્સ એજ્યુકેશન પર વિધાનસભામાં આપેલા નિવેદન પર નિશાન સાધ્યું છે. મધ્યપ્રદેશના ગુનામાં આયોજિત જનસભાને સંબોધતા પીએમ મોદીએ કહ્યું, ‘ગઈકાલે તમે અખબારો અને ટીવીમાં એક ઘટના જોઈ હશે. ઈન્ડિયા એલાયન્સના એક બહુ મોટા નેતા કે જેઓ પોતાનો ઝંડો લઈને ફરતા હોય છે, તેમણે વિધાનસભામાં માતા-બહેનોની હાજરીમાં એવી અભદ્ર ભાષામાં વાત કરી કે જેની કલ્પના પણ ન કરી શકાય.

ઈન્ડિયા એલાયન્સ પર જોરદાર પ્રહાર કરતા પીએમ મોદીએ (નીતીશ કુમાર પર પીએમ મોદી) કહ્યું, તેમને શરમ પણ નથી. હવે તમે કેટલું આગળ પડશો? માતાઓ અને બહેનોના આવા ભયંકર અપમાન પર ઈન્ડિયા એલાયન્સના એક પણ નેતાએ એક પણ શબ્દ બોલ્યો નથી.

મહિલા કલ્યાણ માટે તેમની સરકારની સિદ્ધિઓ ગણાવતા, પીએમ મોદીએ (નીતીશ કુમાર પર પીએમ મોદી) કહ્યું, ‘અમે સ્વ-સહાય જૂથો દ્વારા અમારી ગ્રામીણ બહેનોને આર્થિક રીતે મજબૂત કરવા માટે એક વિશાળ અભિયાન પણ શરૂ કર્યું છે. ભાજપની કેન્દ્ર સરકારે આ જૂથોને બેંકો પાસેથી મળતી લોનની રકમ બમણી કરી છે. પહેલા આ જૂથોને ગેરંટી વગર માત્ર ૧૦ લાખ રૂપિયા સુધીની લોન મળતી હતી, હવે અમે આ રકમ વધારીને ૨૦ લાખ રૂપિયા કરી દીધી છે.

વડાપ્રધાને કહ્યું કે, ‘કેન્દ્રમાં ભાજપની સરકાર હોય કે મધ્યપ્રદેશમાં, માતાઓ અને બહેનોની સુવિધા અને સશક્તિકરણ અમારી પ્રથમ પ્રાથમિકતા છે. ભાજપ સરકારમાં મધ્યપ્રદેશની ૮૦ લાખથી વધુ બહેનોએ ઉજ્જવલા યોજના હેઠળ ગેસ કનેક્શન મેળવ્યા છે. તેમાંથી ૨.૨૫ લાખ બહેનો અને દીકરીઓ આ જૂથની છે.વડાપ્રધાને કહ્યું કે આજે મધ્ય પ્રદેશમાં એક તરફ ડબલ એન્જિનની સરકાર છે, તો બીજી તરફ કોંગ્રેસના ડબલ જોખમવાળા લોકો છે. કેન્દ્રનું એક એન્જિન અને ભાજપ રાજ્ય સરકારનું એક એન્જિન એટલે એમપીનો ઝડપી બમણો વિકાસ.

દરમિયાન જેડીયુના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજીવ રંજન સિંહ ઉર્ફે લલન સિંહે નીતિશ કુમારના નિવેદનનું સમર્થન કર્યું છે. મુંગેરના સાંસદે કહ્યું કે તેમણે કયું વાંધાજનક નિવેદન આપ્યું છે? દરેક વ્યક્તિ જાણે છે કે પોતાના વંશને આગળ વધારવા માટે કોઈ પોતાના સંતાનોના લગ્ન કરાવે છે, તો મુખ્યમંત્રીએ પણ એવું જ કહ્યું હતું કે આમાં વાંધો શું છે? જેમને કશું મળતું નથી તેઓ આવા વિવાદો શોધતા રહે છે. મુલાયમ સિંહ યાદવની વહુએ કહ્યું- આ સમગ્ર દેશ માટે શરમજનક છે, તેમણે રાજીનામું આપી દેવું જોઈએ.આ દરમિયાન સીએમ નીતિશ કુમારે પણ પોતાના નિવેદન પર માફી માંગી છે. જો કે વિપક્ષી દળો નીતિશ કુમાર અને ઉપમુખ્યમંત્રી તેજસ્વી યાદવના રાજીનામાની માંગ પર અડગ છે. રાજીનામાની માંગણીને લઈને બુધવારે વિધાનસભાના શિયાળુ સત્રમાં ભારે હોબાળો થયો હતો. વિધાનસભાની કાર્યવાહી શરૂ થતાં જ ભાજપના સભ્યો વેલમાં આવી ગયા અને નીતિશ કુમારના રાજીનામાની માંગ કરવા લાગ્યા. દરમિયાન કેટલાક સભ્યોએ ટેબલો હાથમાં લીધા હતા.

આ દરમિયાન નીતીશ કુમારે ગૃહની અંદર પોતાના નિવેદન માટે માફી પણ માંગી હતી. નીતિશ કુમારે કહ્યું કે જો મારા નિવેદનથી કોઈને દુઃખ થયું હોય તો હું મારા નિવેદન માટે માફી માંગુ છું. હું તેમના નિવેદનની નિંદા કરું છું. વિપક્ષના નેતા વિજય સિન્હાએ કહ્યું કે જ્યારે બંધારણીય હોદ્દો ધરાવનાર વ્યક્તિ આવું બોલે છે તો તેને સાંખી લેવામાં આવશે નહીં. તેમણે કહ્યું કે હવે બિહાર તેમને સંભાળવા સક્ષમ નથી. ભાજપના હોબાળાને કારણે સૌપ્રથમ બપોરના ૨ વાગ્યા સુધી અને પછી ૪:૫૦ વાગ્યા સુધી કાર્યવાહી સ્થગિત કરવામાં આવી હતી. વિપક્ષી નેતાઓનું કહેવું છે કે તેજસ્વીએ ગઈકાલે પણ મુખ્યમંત્રીના નિવેદન પર સ્પષ્ટતા કરી હતી અને કહ્યું હતું કે મુખ્યમંત્રી સેક્સ એજ્યુકેશનની વાત કરી રહ્યા છે. વિપક્ષી નેતાઓનું કહેવું છે કે વિધાનસભા સેક્સ એજ્યુકેશન આપવાનું સ્થળ છે.

## લંપટ આસારામની વધી મુશ્કેલી, ધારાગઢ દરવાજા પાસે આવેલ આશ્રમ સીલ

જૂનાગઢ,તા.૮

જૂનાગઢમાં ધારાગઢ દરવાજા પાસે આવેલ આંબાવાડીની જમીન મામલે આશારામજી આશ્રમ દ્વારા ૧૧ વર્ષ પહેલા કરવામાં આવેલો દાવો સિવિલ કોર્ટ દ્વારા ના મંજુર કરી દેવામાં આવ્યા બાદ ઓર્ડર સામેનો સ્ટે પણ નામદાર કોર્ટે ના મંજુર કરી દેતા આસારામ આશ્રમ નામની જમીનનો કબજો મામલતદાર દ્વારા સરકાર હસ્તક લેવામાં આવ્યો હતો.

લંપટ આસારામને વધુ એક ફટકો પડ્યો છે જુનાગઢમાં આસારામ આશ્રમ નો કબજો સરકાર દ્વારા લેવા કોર્ટે હુકમ ફરમાવ્યો છે જુનાગઢ શહેરના હદ વિસ્તારમાં આવેલા ધારાગઢ દરવાજા પાસે આવેલ આંબાવાડીની સર્વે નંબર ૩૪ અને ૩૬ પૈકી એકર-૨ – ૨૦ ગુંઠા સંબંધે કલેકટર જૂનાગઢ દ્વારા તા.૧૧ જુન ૨૦૦૨ ના આદેશથી દસ્તુરી ભરવાનું ખાનું બંધ કરવાનો આદેશ કરેલ હતો. જે ખાસ સચિવ મહેસુલ વિભાગ અમદાવાદમાં રીવીઝનમાં પણ કાયમ રહેલ હોય તે બધા હુકમો ગેરકાયદેસર ઠરાવવા અંગે મોટેરા અમદાવાદ સ્થિત આશારામજી આશ્રમના ટ્રસ્ટીઓ દ્વારા આ જમીન મામલે જૂનાગઢ કોર્ટમાં ૨૦૧૨ ની સાલમાં દાવો દાખલ કરવામાં આવ્યો હતો.

જે જમીન નવાબના સમયથી આપવામાં આવતી હતી, જેમાં જમીનની માલિકી સરકારની અને તેના ઉપર ઊગેલ આંબાની માલિકી અને ફળ લેવાનો અધિકાર જે તે આસામીઓનો હતો. આવા અધિકારને દસ્તુરી કહેવામાં આવતી હતી. આ રીતે હાલની મૂળ જમીન જૂનાગઢ રાજ્ય દ્વારા આરબ આમદબિન હસનને આપવામાં આવેલ હતી, ત્યાર બાદ ઉત્તરોતર વેચાણ થતા આ જમીન આશ્રમના ટ્રસ્ટીઓ પાસે આવેલ હતી.

## નવસારી ના બી.આર.ફાર્મ ખાતે બુથ સમિતિના કાર્યકરોનું સંમેલન પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો



**વર્ષ ૨૦૦૯માં સાંસદ તરીકે ચૂંટયો ત્યારે ઘણા સવાલ પુછતા કે નવસારી કયા આવ્યું તેની ઓળખ આપવી પડતી પણ ૨૦૧૯માં લોકોને ઓળખ આપવી પડતી નથી. – શ્રી સી.આર.પાટીલ**

----

**નવસારીની બેઠક સૌથી વધુ મતોથી જીતાડી નવસારીના કાર્યકરોને નવસારી જીલ્લાનું નામ ખૂબ મોટુ કર્યુ છે. – શ્રી સી.આર.પાટીલ**

----

**દિવાળીના તહેવારમાં બુથ કાર્યકરોનો સંપર્ક કરી લોકસભામાં વધુમાં વધુ મતદાન થાય તેવો પ્રયાસ કરવો જોઇએ. – કનુભાઇ દેસાઇ**

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, પેજ સમિતિના પ્રણેતા અને કુશળ સંગઠનના પ્રણેતા કે જેમના નેતૃત્વમાં ગુજરાત કોંગ્રેસ મુકત થયુ છે તેવા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમાં નવસારી ના બી.આર.ફાર્મ ખાતે બુથ સમિતિના સભ્યોનો સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં નવસારીના જીલ્લાના પ્રમુખશ્રી ભુરાભાઇ શાહે પ્રાંસગીક સંબોધન તેમજ રાજયનામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સંબોધન કર્યુ હતું. આ કાર્યક્રમમાં નવસારી જીલ્લા પ્રમુખશ્રી ભુરાભાઇ શાહના કાર્યકાળને ૩ વર્ષ પુર્ણ થતા કાર્યકાળ દરમ્યાન થયેલા સંગઠનના વિવિધ કાર્યો અંગેની પુસ્તકનું વિમોચન પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના વરદ હસ્તે કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ સંબોધન કરતા જણાવ્યું કે, નવસારીના સંસદીય મત વિસ્તારમાં વર્ષ ૨૦૧૯ની ચૂંટણીમાં સૌથી વધુ મતોથી જીત મેળવી છે આ જીત ૧૯૫૦ થી અત્યાર સુધીમાં પાછલી ૧૭ લોકસભાની ચૂંટણીમાં સૌથી વધુ મતોથી જીત્યા છીએ. સૌથી વધુ મતોથી નવસારીની બેઠક જીતવામાં જે બુથ કાર્યકરોએ મહત્વનો ફાળો ભજવ્યો છે તેમને મળવાની આજે તક મળી છે. જીલ્લાના કુલ બુથમાંથી ૫૩૭ બુથમાંથી એવા કાર્યકરોને આજે દિવાળી પહેલા મળવાની તક મળી છે જેમને ખૂબ મહેનત કરી સૌથી વધુ મતોથી બેઠક જીતાડી છે. નવસારી બેઠક સૌથી વધુ મતોથી જીતવાનો શ્રેય આપ સૌ કાર્યકરોને જાય છે. વર્ષ ૨૦૦૯માં સાંસદ તરીકે ચૂંટયો ત્યારે ઘણા પુછે કે નવસારી કયા આવ્યું તેની ઓળખ આપવી પડતી પણ ૨૦૧૯માં લોકોને જાણે છે નવસારી કયા આવ્યું છે. ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની લોકપ્રિયતા તેમજ આદરણીય ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબની વ્યુહરચના અને દરેક કાર્યકરોની મહેનતના ગુણાકારથી આજે વિધાનસભા ચૂંટણીમાં ૧૫૬ બેઠકો જીતી શકયા છીએ. વિધાનસભામાં નવસારીના ધારાસભ્યોને ખૂબ ભારે મતોથી જીતાડયા છે તે બદલ જિલ્લાના કાર્યકરોનો આભાર.

શ્રી પાટીલજીએ વધુમાં જણાવ્યું કે, નવસારી પેજ સમીતીની સિસ્ટમને ખૂબ મજબૂત છે કે આખા દેશમાં આજે પેજ કમિટિ બનાવવામાં આવી રહી છે. નવસારીની બેઠક સૌથી વધુ મતોથી જીતાડી નવસારીના કાર્યકરોને નવસારી જીલ્લાનું નામ ખૂબ મોટુ કર્યુ છે. બુથના કાર્યકરો બુથને મજબૂત કરવા પ્રયાસ કરે. વિધાનસભાની ચૂંટણીમાં ૧૫૬ જીત્યા પણ ૧૮૨ બેઠકો નથી જીતી શક્યા તેનું દુખ છે. ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો દરેક ઉમેદવારને જીતાડવા મહેનત કરે છે. આ કાર્યક્રમમાં રાજય સરકારના મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ, પ્રભારીશ્રી તેમજ ધારાસભ્યશ્રી જનકભાઈ પટેલ,નવસારી જીલ્લા પ્રમુખ શ્રી ભુરાભાઈ શાહ,પ્રદેશ મંત્રી શ્રીમતી શીતલબેન સોની,ધારાસભ્યશ્રીઓ શ્રી નરેશભાઈ પટેલ,શ્રી રાકેશભાઈ દેસાઈ,શ્રી આર.સી.પટેલ,પૂર્વ ધારાસભ્યશ્રી પિયુષભાઈ દેસાઈ,જીલ્લા પંચાયતના પ્રમુખશ્રી તેમજ પદાધિકારીઓ સહીત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ‘સાત્વિક આહાર’ વેબીનાર શ્રેણીનું આયોજન

કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનિમલ હેલ્પલાઈન – રાજકોટ દ્વારા ‘સાત્વિક આહાર’ વેબીનાર શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું છે. વેબીનારમાં આયુર્વેદાચાર્ય ડૉ. હિતેશ જાની ‘ભોજન હી ભૈસજ – લોક ધાન્ય (મિલેટસ)’ વિષય પર માર્ગદર્શન આપશે. આયુર્વેદાચાર્ય ડૉ. હિતેશ જાની ગર્ભોપનિષદ ફાઉન્ડેશન જામનગર (ગુજરાત)નાં સ્થાપક, આયુર્વેદ ચિકિત્સક, પંચકર્મ ફેકલ્ટી, તાલીમ નિષ્ણાંત, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (ઈજીજી)નાં પ્રશિક્ષિત સ્વયંસેવક, બી.જે.પી ગુજરાતનાં ભૂતપૂર્વ રાજ્ય સચિવ, જામનગર જિલ્લાનાં રોટરી કલબનાં ભૂતપૂર્વ પ્રમુખ છે. તેમને ૪ દાયકાથી વધુનો ક્લિનિકલ અનુભવ છે. તેઓ પરંપરાગત આયુર્વેદ નાડી પરિક્ષણનાં નિષ્ણાંત છે. તેમણે આયુર્વેદ પંચગવ્ય અને ગર્ભવિજ્ઞાન પર વિસ્તૃત સંશોધન કર્યું છે. ડૉ. હિતેશ જાનીએ તેમની કારકિર્દી દરમિયાન આજ સુધી ૪૦,૦૦૦ થી વધુ દર્દીઓની સારવાર કરી છે. તેમણે પોતાના જીવનમાં ગૌ વિજ્ઞાન, ગર્ભ વિજ્ઞાન, લોકાર્યુવેદ જેવા વિષયોનું જ્ઞાન લોકોને આપ્યું. તેમણે આયુર્વેદ સંબંધિત ઘણા પુસ્તકો લખ્યા છે તેમજ ઘણા પબ્લીકેશનસ તેમના આર્ટીકલ નિયમિતપણે છાપે છે. તેમને આંતરરાષ્ટ્રીય શ્રેષ્ઠતા પુરસ્કાર, સ્વર્ગીય મોરોપંત પિંગળે ગૌસેવા પુરસ્કાર, શંકરાચાર્યજી દ્વારા ગૌચતુર્માસ પુરસ્કાર, આયુર્વેદ પ્રત્યે જાગૃતિ માટે લાયન્સ કલબ દ્વારા આયુર વિકાસ એવોર્ડ સહિતનાં સન્માનો પ્રાપ્ત થયા છે.

વેબિનારનું આયોજન ૯ નવેમ્બર, ગુરુવારનાં રોજ રાત્રે ૯:૦૦ વાગ્યે રાખવામાં આવ્યો છે. વેબિનાર એનીમલ હેલ્પલાઈનનાં ફેસબુક પેઈજ ‘એનીમલ હેલ્પલાઈન - કરુણા ફાઉન્ડેશન’ તેમજ યુ ટ્યુબ ચેનલ ‘કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ – એનીમલ હેલ્પલાઈન રાજકોટ’ પર લાઈવ કરવામાં આવશે.




ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા ૨૫ નવીન બસોનું લોકાર્પણ માન. ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી જીના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ અવસરે મેયરશ્રી હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા અને જણાવ્યું હતું કે લોક સુવિધા અને લોક હિત માટે પ્રયત્નશીલ સરકાર સુવિધાઓના વિસ્તારની સાથે લોક સુખાકારીમાં વધારો કરી રહી છે.

## તંત્રી લેખ......

### ધનતેરસના દિવસે ધન્વંતરિ ભગવાનની પૂજા કરવામાં આવે છે

ધનતેરસ એટલે મા લક્ષ્મીનો જન્મદિવસ. થોડા દિવસમાં દિવાળીનું પર્વ આવી રહ્યું છે ત્યારે દિવાળીનું પર્વ વાઘ બારસથી શરૂઆત થાય છે. વાઘબારસ, ધનતેરસ, કાળી ચૌદસ અને દિવાળી આ ચાર દિવસ પૂર્ણ થયા બાદ નવા વર્ષની ઉષ્માભેર ઉજવણી થાય છે, ત્યારે ધનતેરસના દિવસે ધન્વંતરિ દેવતાનું પણ ખૂબ જ મહત્વ છે. આ ધન્વંતરિ દેવતાનું પૂજનનું અનેરૂપ મહાત્મય રહેલું છે ત્યારે ધનતેરસ અને ધન્વંતરિ તેરસ વચ્ચે શું તફાવત છે આવો જાણીએ.

આ તેરસનો દિવસ એટલે ધન્વંતરિ ભગવાનનો જન્મ દિવસ છે. ખૂબ ઓછા લોકો આ ઈતિહાસ વિશે જાણતા હશે. કારણ કે, આ દિવસને લોકો મા લક્ષ્મીજીના પ્રાગટ્ય દિન તરીકે ઉજવણી કરે છે. હકીકતમાં બંને વસ્તુ એક જ છે કે, જેમાં માતા લક્ષ્મીજી સમુદ્ર મંથન સમયે જ્યારે પ્રગટ થયા ત્યારે જ ભગવાન ધન્વંતરિ દેવતા પણ પ્રગટ થયા હતા. આયુર્વેદના ક્ષેત્રમાં આ દિવસને ધન્વંતરિ દેવતાના પ્રાગટ્ય દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

જુના જમાનામાં આ દિવસને માતા લક્ષ્મીના પ્રાગટ્ય દિન તરીકે ઉજવવામાં આવતો હતો, પરંતુ સાથે ધન્વંતરિ દેવતાની પ્રાગટ્ય દિનની ઉજવણી કરવામાં આવતી હતી. જે હાલના સમયમાં લોકો વચ્ચે વિસરાતી જઈ રહી છે. ભારત સરકાર દ્વારા ધનતેરસના આ દિવસને રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. જેમાં આયુર્વેદના વિવિધ પ્રકલ્પો વિશે લોકોને માહિતગાર પણ કરાય છે.

## દિવાળી - નવા વરસનાં શુભેચ્છા કાર્ડ વિસરાયા!!દિવાળી કે દેવા વાળી !!




સોસિયલ મિડીયાના જમાનાએ લોકોને આળસુ કરી દીધા છે. પહેલા દિવાળી અને નવા વરસના સાલમુબારક માટે સ્પેશિયલ શુભેચ્છા - અભિનંદન કાર્ડ વેપારીઓ જ નહી. લોકોના સંપર્ક માં રહેતા. લોકો ખાસ કાર્ડ બનાવડાવી પોસ્ટ મારફતે મોકલાવતા હતા

ચાંદખેડાના મનહરસિંહ વાઘેલા એ જણાવ્યું હતું કે તેમના પિતાજી સરકારમાં નોકરી કરતાં હોઈ દર નવા વરસની શુભેચ્છા કાર્ડ દિવાળીના દિવસોમાં ૫૦૦ કાર્ડ લખતા હતા એમા ૯૦% ના સરનામાં તો મોઢે થઈ ગયા હતા, પોસ્ટમેનો ની દિવાળી બક્ષિસ સોસિયલ મિડીયાને કારણે લગભગ બંધ થઈ ગઈ છે પોસ્ટમેન આવવાની રાહ જોવાતી હતી તે આવીને સાલમુબારક કહે એટલે મોં મીઠું કરાવી ૫૧ ? આપી દેતા હવે દીવાળીનો આનંદ રહ્યો નથી પહેલા મહિના સુધી સમુહમાં એક બીજાને ઘેર જાય, ચા પાણી નાસ્તો કરી આનંદ કરતા, હવે કોઈને મળવા જાવ અંગત કે ખાસ હોય તો ચા મળે નહી તો એકાદ બદામ કે અડધા કાજુમાં નવું વરસ પુરુ થયુ, આ તબક્કે ટેણિયા બેસતા વરસે વહેલી સવારે શુકન કરાવવા સબરસ આપવા આવે ત્યારે ૧૦ કે ૨૦ રુપિયા લોકો આપતા, હવે લોકો આવે તો પરચુરણ રાખે છે, અથવા સબરસ લેવા બારણું ખોલતા નથી અને સબરસ- મીઠું આવી ગયુ છે એમ કહી દે એટલે ટેણિયા વીલે મો?ઢે પાછાં જાય, ખરેખર એ દિવસો સારા હતા, હવે દિવાળી ફીકકી થઈ ગઈ છે ભેળસેળના જમાનામાં કંઈ ખાવાની ઈચ્છા થતી નથી ઓછી કે બાંધી આવક વાળાને દિવાળી દેવાવાળી થઈ ગઈ છે!!

## માત્ર દૂધથી જ નહીં પરંતુ છાણ અને ગૌમૂત્રમાંથી પણ ગૌપાલકો આર્થિક આવક વધારી શકે છે.



ભારતીય સમાજમાં ગાયને માતા કહેવાય છે. ગૌધનથી મોટું કોઈ ધન નથી. ગાયથી અર્થ, ધર્મ, કામ અને મોક્ષ એ ચારેય પુરૂષાર્થની સિદ્ધિ થાય છે. આજના અર્થપ્રધાન યુગમાં તો ગાય અત્યંત ઉપયોગી છે. ગો-પાલનથી ગાયનું દૂધ, ઘી અને છાણ વગેરેથી ધનની વૃદ્ધિ થાય છે. ગાયો પવિત્ર હોય છે, એના શરીરને સ્પર્શ કરનારી હવા પણ પવિત્ર હોય છે. ગાયનાં છાણ-મૂત્ર પણ પવિત્ર હોય છે. છાણ દ્વારા લીપેલાં ઘરોમાં પ્લેગ, કોલેરા વગેરે જેવા ભયંકર રોગો થતા નથી. યુદ્ધનાં સમયે ગાયનાં છાણથી લીપેલાં મકાનો પર બૉંબની પણ એટલી અસર થતી નથી જેટલી સિમેન્ટ વગેરેથી બનાવેલાં મકાનો પર થાય છે. ગાયનાં છાણમાં ઝેર ખેંચી લેવાની વિશેષ શક્તિ હોય છે. મનુષ્યને માટે ગાય સર્વ દષ્ટિએ પાળવા યોગ્ય છે. આજનાં અર્થપ્રધાન યુગમાં દેશી ગાયના દૂધ, દહીં, ઘી તેમજ ગૌમૂત્ર અને ગોબરનો વિશેષ મહિમા છે. માત્ર દૂધથી જ નહીં પરંતુ છાણ અને ગૌમૂત્રમાંથી પણ ગૌપાલકો આવક વધારી શકે છે. ગોબરમાંથી બનવામાં આવેલા દીવા આર્થિક દ્રષ્ટિની સાથે સાથે પર્યાવરણને પણ લાભદાયી છે. આ અંતર્ગત દિવાળીની ઉજવણી માટે ગાયના છાણ આધારિત દીવા, મીણબત્તીઓ, ધૂપ, શુભ લાભ, સ્વસ્તિક, હવન સામગ્રી, ભગવાન ગણેશ અને દેવી લક્ષ્મીની મૂર્તિઓનું નિર્માણ કરી શકાય છે.

ગોબર દિવડા જ શા માટે ?

• દેશી ગાયોના ગોબરમાંથી બનેલા દિવડા વાતાવરણને શુદ્ધ અને પવિત્ર કરવાનું કામ કરે છે.

• ગોમય દિવડા દેશી ગાયના ઘી સાથે પ્રગટાવવાથી વાતાવરણમાં ઑક્સીજનનું પ્રમાણ વધી જાય છે.

• ગોમય દિવડાની ભસ્મ પાણીમાં નાખવાથી પાણી બેક્ટેરિયા રહિત બને છે.

• ગોમય ભસ્મ અનેક રીતે લાભદાયી છે. તે એક ઉત્તમ ખાતર છે જેને ખેતર અને વાડીમાં ઉપયોગમાં લઈ શકાય છે.

• ગૌશાળા આત્મનિર્ભર બને છે.

• 'ગોમયે વસતે લક્ષ્મી' ધર્મ શાસ્ત્ર અનુસાર પવિત્ર.ગોબરમાં લક્ષ્મીજીનો નિવાસ છે, તે ઉર્જાનો ભંડાર છે, નેગેટિવિટી દૂર કરે છે અને રોગાણુઓથી બચાવે છે.

• ગાયનું ગોબર રેડિએશનથી સુરક્ષિત રાખે છે.

• ચાઈનીઝ અને રસાયણો ધરાવતા હાનિકારક દીવાઓનો ઉપયોગ બંધ થશે ,ઈકો ફ્રેન્ડલી દીવાનો ઉપયોગ વધશે.

• પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'મેક ઈન ઈન્ડિયા' અને 'સ્ટાર્ટ-અપ અભિયાન'ને વેગ મળશે.

• ગોમય દિવડા બનાવતા આત્મનિર્ભર ભારત અભિયાન, મહિલા સશક્તિકરણના વિઝનને પણ પ્રોત્સાહન મળશે.

• આવો ઉજવીએ ભારતીય સંસ્કૃતિનું પ્રકાશપર્વ દિપાવલી, ગૌમાતાના આશીર્વાદ સાથે પ્રગટાવીએ પવિત્ર ગોબર દિવડા.

મિતલ ખેતાણી

## પંચગવ્ય ડોક્ટર્સ એસોસિએશન અને પંચગવ્ય વિદ્યાપીઠ – કાંચીપુરમ દ્વારા ૧૧ મી પંચગવ્ય કોન્ફરન્સનું આયોજન



પંચગવ્ય ડોક્ટર્સ એસોસિએશન અને પંચગવ્ય વિદ્યાપીઠ – કાંચીપુરમ દ્વારા ૧૧ મી પંચગવ્ય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. પંચગવ્ય વિદ્યાપીઠ એ ભારતીય તબીબી પ્રણાલીને ભારતમાં પુનઃસ્થાપિત કરવા માટેની એક શૈક્ષણિક ચળવળ છે. પંચગવ્ય વિદ્યાપીઠનાં પ્રયાસોને કારણે ખોવાયેલ "નાડી અને નાભિ વિજ્ઞાન" ફરી જીવંત થઈ રહ્યું છે. પંચગવ્ય વિદ્યાપીઠનો હેતુ છે કે ગાયોના સંવર્ધનથી યુવા પેઢીના મનમાં પરિવર્તન લાવવું જેથી દેશમાં રાષ્ટ્રવાદ કેળવાશે. પંચગવ્ય વિદ્યાપીઠ હેઠળ, પંચગવ્ય તબીબી વિજ્ઞાન, પરંપરાગત આયુર્વેદિક અને કેટલીક અન્ય ઉપચારો પુખ્ત વયના લોકોને શીખવવામાં આવે છે. પંચગવ્ય ડોક્ટર્સ એસોસિએશન અને પંચગવ્ય વિદ્યાપીઠ – કાંચીપુરમ દ્વારા ૧૧ મી પંચગવ્ય કોન્ફરન્સનું આયોજન થયું છે તેનો મુખ્ય હેતુ ભારતનાં તમામ જિલ્લાઓમાં પંચગવ્ય તબીબી કેન્દ્રો અને પંચગવ્ય તબીબી શિક્ષણની ઉપલબ્ધતા કરવા માટેનો છે. આ કોન્ફરન્સ ૧, ૨, ૩ ડિસેમ્બરે શુક્રવાર, શનિવાર અને રવિવારે આર્ટ ઓફ લિવિંગ ઈંટરનેશનલ સેન્ટર, ઉદયપુર પોસ્ટ, કનકપુરા રોડ, બેંગ્લોર, કર્ણાટક ખાતે રાખવામાં આવી છે. આ અંગે વધુ માહિતી માટે ડૉ. જીવન કુમાર(મો. ૯૪૪૮૨ ૪૦૬૧૦) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## રાજુ રદી પણ ચૂંટણી લડવા થનગનતો હતો. પરંતુ, કેજીએફ ની વાત સાંભળી  કૂકડો થઇ ગયો!!!

કંકુ છાંટી ચૂંટણી પંચે ચૂંટણીની કંકોતરી લખી નાંખી. જેમ શાંત જળમાં કંકર ફેંકવામાં આવે અને જે જળવલયો થાય તેમ રાજ્યમાં ખળભળાટ થઈ ગયો. નિષ્ક્રિય સક્રિય થઈ ગયા અને માર્ગદર્શક મંડળમાં પ્રવેશપાત્ર કે જેમની ટિકિટની લાઈફલાઈન કપાવવાની છે તે ઉપરથી સક્રિય અને અંદરખાનેથી નિષ્ક્રિય થઈ ગયા. રાત થોડીને વેશ ઝાઝા એમ ટિકિટના મહાસેલનો તખ્તો સજવા લાગ્યો.થનગનભૂષણ અને ભાંડણભૂષણોએ જીભની ધાર કઢાવી લીધી. ગ્લોસીપ્પરમાં કલરફૂલ ચાર્ટ, ગ્રાફ,,ફોટા સાથે સાત સાત ભાગમાં સંક્ષિપ્ત બાયોડેટા તૈયાર થયા. સારું છે કે ડિટેઇલ્ડ બાયોડેટા મંગાવવામાં આવતો નથી, નહીંતર પાર્ટી કાર્યાલયની બહાર ટ્રક,ટેમ્પો,, ડાલા પીકઅપ ઊભા રાખવા માટે એક ઈંચ જગ્યા બચી ન હોત.

નિરીક્ષકો, પાર્લામેન્ટરિયન બોર્ડ દાવેદારોને બોલાવી સેન્સ લેવા માંડ્યા!!સવાલો પૂછાયા.

'' શું કામ કરો છો?''

કેવી સેવા કરો છો?''

કેટલું ભણ્યા છો?''

કોલેજમાં જીએસ બની મારામારી દાદાગીરી કરેલી? હોકી સ્ટિકથી કેટલા સામેવાળાના માથા ભાંગેલા? કોલેજમાંથી કેટલીવાર રસ્ટિગેટ થયેલા ?''

''પરીક્ષામાં ચોરી કરતાં કેટલીવાર પકડાયેલા??''

કેટલી પોલીસ ફરિયાદ છે?''

ચોરી, છેડતી., રેપ,મર્ડર, અપહરણ, ખંડણી, સોપારી લેવાના ક્રિમિનલ કેસ છે??''

તમામ સવાલમાં છેલ્લો અગત્યનો ફાયનાન્સિલ ગેરંટીનો સવાલ'' ટિકિટ માટે પાર્ટીને કેટલા ખોખા આપશો? ચૂંટ્યા પછી દર મહિને કેટલી પેટી પાર્ટીને આપશો??''

આ સવાલોમાં ખરા ઉતરનાર ઉમેદવારોની પેનલ પાર્ટીના લો- કમાંન્ડે તૈયાર કરી હાઈ કમાંડે ફાઈનલ કરી.લગ્નના મૂરતિયા જાહેર કરાયા.

એઝ યુઝવલ - રાબેતા મુજબ ભૂંગળ વિનાની ભવાઈ ભજવાઇ. ઓહો!ઓહો! વાહ! અનિવર્ચનીય! વાહ! અદ્ભૂત! માઇન્ડ બ્લોઈંગ! ફેન્ટીસ્ટિક! ન ભૂતો ન ભવિષ્યતિ !!

વાહ શું નયનરમ્ય દ્રશ્ય. ઉનાળામાં શીતળતા અર્પે એવા બરફીલા દ્રશ્યો. આંખમાં તીવ્ર બળતરા થતી હોય અને આંખમા જીવદયા નેત્રપ્રભા ટીપા આંજ્યા હોય અને શીતળતાનુભૂતિ થાય તેવી દ્રશ્યાવલિ. સ્વાસ્થ્યવર્ધક, બલવર્ધક, સ્ફૂર્તિદાયક, ઉત્સાહપ્રેરક, તાકાતોતેજક!!

આ આંખ ધન્ય છે કે કાર્યક્રમોના પ્રચંડ પુરુષાર્થના ધ્યોતક સમાન દ્રશ્યો નિહાળવાની સ્વર્ણિમ તક પ્રાપ્ત થઈ!! ચર્મચક્ષુ બીડીએ તો દિવ્યચક્ષુ સન્મુખ એ દ્રશ્યો ક્રિકેટમેચની માફક રીપ્લે થાય કે સિરિયલનો એપિસોડ શરૂ થયા પહેલા આગળ શું આવેલ તે એપિસોડ રીકેપ થાય તેમ પુનઃ પ્રસારિત થાય ભારતની ભાતીગળ સંસ્કૃતિના મંગળા આરતી જેવી અનુભૂતિ!!અમારી છાતી(છપ્પનની નથી. સાચી સાઈઝ લખીશ તો તમે અમને ઝીરો ફિગર કહેશો તેવી ભીતિ છે.) ગજ ગજ ફૂલે છે. હવે વધારે ફૂલશે તો છાતીનું પાંજરૂ ફુગ્ગાની જેમ ધડામ દઈને ફાટી જશે!!!

એક પક્ષની મંદિર સમાન કચેરીના અનુપમ દ્રશ્યો. મન પુલકિત થઈ ગયું. પરોપકારી, સેવાભાવી સજ્જનો ટિકિટ જેવા ક્ષુલ્લક મુદાને ચ્યુંગમની જેમ લંબાવતા હતા. રાષ્ટ્રની સેવા સિવાય કાંઇ ન ખપે તેવા ભેખધારીઓ લડાઈયજ્ઞ રાજસૂય યજ્ઞ કે અશ્વમેધ યજ્ઞથી કમ ન હતો!! આ યજ્ઞમાં ગાલી-ગાળની આહુતિ!!વાતાવરણમાં માબેનની ગાળો ઝળુંબે. ફાટેલા ઝભ્ભા. ફાટેલી કફની. દ્રૌપદીના ચીરહરણ જેવી હાલત. સ્વયં દુશાસન અને સ્વયં દ્રૌપદી!!

દેશની સેવા માટેની તમન્ના ઠાંસી ઠાંસીને ભરી હોય ત્યાં કોઈ ચંબુ ભ્રષ્ટાચારનો મુદો ઉભો કરી , બળાત્કારનો મુદો ઉભો કરી, લેન્ડ ગ્રેબિંગનો મુદો ઉભો કરી,આતંકી કનેકશનનો મુદો ઉભો કરી અડચણ ઉભી કરે કે કેવી રીતે સહન થાય? ચૂંટણી ચૂંટણીની જગ્યાએ છે અને ઉજ્જવળ કારકિર્દી અલગ બાબત છે!!

તમે જ કહો કે તમે કોર્પોરેટર, વિધાયક, સંસદસભ્ય , મંત્રી બન્યા સિવાય નાગરિકો, પ્રજા, જનતા , જાહેર જનતા જનતા જનાર્દનની સેવા કરી શકો? પ્રસાદ, નેવૈધ્ય, પત્રમ્ પુષ્પમ વિના સેવા-મેવા વગરની કલ્પના કરી શકો? આકાશકુસુમવત ભાસે!? સેવા કરવાનો રાજમાર્ગ સતા છે. સતાસુંદરીને પામવાનો દ્રુતગતિ માર્ગ( ટપ્પો ન પડ્યો? દ્રુત ગતિ માર્ગ એટલે એકસ્પ્રેસ હાઈ વે!!) છે.ચૂંટણીમાં પ્રવેશ મેળવવા ટિકિટ અનિવાર્ય આવશ્યકતા છે!? આ એક ઉન્માદસભર સ્થિતિ છે!! મઢુલી નાની અને બાવા વધારે છે. વૈકુંઠ નાનું અને ભગતડા વધારે હોય છે.ટિકિટવાંચ્છુંઓ ઉત્સાહમાં આવીને ટેબલ ખુરશી તોડે, નેતાના પૂતળા સળગાવે, સામેસામા સૂત્રોચ્ચાર કરે,પક્ષના ઝંડા સળગાવે,તોડફોડ, ઓફિસને તાળાબંધી કરે, ટિકિટ ફાળવનાર નેતાઓ જીવ બચાવવા પાછલા દરવાજેથી ભાગી છૂટે, ઉમેદવારની પહેલી યાદી બહાર પાડે કે હોબાળો મચી જાય. ટિકિટ ન મળતા ઉત્પાત કરે, યાદી સુધરે, કોકડું ગૂંચવાઈ જાય!!આ આંખને ગમે તેવા દ્રશ્યો પાંચ વરસે રીપીટ થાય.જે સ્વપ્નસુંદરીને પામવા માટે તનમનધનથી પ્રયત્ન કર્યા હોય અને તે સ્વપ્નસુંદરી તમારા આગોશમાં આવું આવું થઈ રહી હોય ત્યાં તમે ઉહું ઉહું કરીને ટિકિટસુંદરીને માળા પહેરાવવાનો ઈન્કાર કરો તો કેવો સન્નાટો મચી જાય. કડકાબાલૂસ વરરાજા આલિયા ભટ જેવી ડ્રિમ ગર્લના નાજનખરા અને ઉડાઉ ખર્ચ ન ઉઠાવી શકે તો પછી શૈયા સાથે બ્રેકઅપ સિવાય શુભ કે મંગળ બીજું શું થાય?? એક પાર્ટીમાં પાંત્રીસ જેટલા મૂરતિયા પરણે તે પહેલાં ડિવોર્સી દોષી બની ગયા.ચૂંટણીમાં ઝંપલાવે તેને મહાસુખ મળે તેની કોઈ ગેરેંટી કે વોરંટી હોતી નથી. અહીં સબ કુછ લૂંટા કે હોંશમાં આવો ત્યારે રિજેકટેડ કે ડીપોઝિટ ફોરફિટેડનો સિક્કો કપાળમાં લાગી જાય. પછી પણ લેણિયાતોની ઉઘરાણી ઉકરડાની જેમ અટકતી નથી. ચૂંટણી લડવા માટે જીગર અને જર એટલે કે રૂપિયા જોઈએ. કુંવરબાઇના મામેરા સમયે નરસિંહ મહેતા તુલસીની માળા અને કરતાલ લઈને વેવાઇ સામે ઉભા રહેલ, શામળિયાએ શેઠ સગાળશા બની મામેરું સાચવી દીધેલું . મહારાણા પ્રતાપની મુશ્કેલી દાનવીર ભામાશાએ નિવારેલી પણ તમારી કોણ હરે?? તમે નાણા વિનાના નાથિયો છો.ચૂંટણીની વૈતરણી તરી જાવ તો નાથાલાલ બનો, નહીંતર પુનઃ નાથિયો બનશો!!આલા દરજ્જાના અને પારકા ધન તેમ જ ધાને પ્રધાન બનવા થનગનતા ઉમેદવારો સામે ગાંઠનું ગોપીચંદન કરતા ઉમ્દવાર પણ છે. અ મહાશયનું નામ કેજીએફ તરીકે જાણીતા યુસુફ શરીફ પણ છે.તે કર્ણાટકના છે. ચિકપેટ સીટના દાવેદાર છે. તેની ૧૭૪૩ કરોડની સંપતિ છે.પચાસ હજાર પરિવારને પાંચ વર્ષ પાંચહજારની રેવડી વહેંચશે. જે પાછળ લાખ, દસ લાખ, કરોડ, દસ કરોડ, પચાસ કરોડ નહીં પણ પૂરા ૩,૫૦,૦૦,૦૦,૦૦૦ ( ત્રણ સો પચાસ કરોડ)નો ખર્ચ કરશે!!! કેજીએ ચૂંટણી લડવા ખર્ચ કરતો નથી, સામાજિક ઋણ ઉતારવા ખર્ચ કરૂં છું તેમ ડિપ્લોમેટિક રીતે કહે છે!!રાજુ રદી પણ ચૂંટણી લડવા થનગનતો હતો. પરંતુ, કેજીએફ ની વાત સાંભળી કૂકડો થઈ ગયો!!!

**ભરત વૈષ્ણવ**

## કોમલની કમાલ



જીવનમાં દરેક વ્યકિતની આગવી સમજ હોય છે. સમજ શબ્દ સરલ છે. માનવ પોતાની તર્ક બુદ્ધિ દ્વારા તેને અટપટી બનાવે છે.

આજે મારો હરખ માતો ન હતો. કંપનીમાં નવી હતી પણ દિમાગમાં જાતજાતના નાવા વિચારો હંમેશા આવતા. ખાલી ૮ થી ૫ ની નોકરી હતી. કિંતુ મન દઈને કામ કરવાને કારણે બોસ હંમેશા મારા વખાણ કરતા.

અમોલને હતું ઘરની બહાર કમાવા જાય છે તો ચાર માણસની ઓળખાણ થશે અને ઘરમાં રહીને ખાલી ગામની પંચાત તેમ જ રસોડામાં જીવન પુરું કરશે ! ક્યારે પણ વધારે કામ કરવાનું નહી. જે મળે તેમાં ખૂબ સંતોષ હતો.

કામવાળી કોમલ ખૂબ સારી હતી . સવારથી આવે રાતના જાય. ઘરનું બધું સાચવે. બે બાળકોને બપોરે શાળામાંથી લઈ આવે. પમી, બંનેને નાસ્તો આપી તૈયાર કરી શાળામાં મૂકવા જતી. કોમલ લેવા જાય અને પાછા આવતા શાક કે ફળ લેતી આવે. કોમલ લિસ્ટ બનાવી રાખતી, પમી નોકરી પર જાય ત્યારે તેને દાણાવાળાને આપે. ઘરે સામાન પહોંચી જાય . કોમલ સાફ કરી બધું ગોઠવી દે.

સાસુમા ગામથી આવે તેમને કોમલ ગરમા ગરમ જમાડે. તેઓ ખૂબ ખુશ થાય. રાતના બધું કામ પરવારી કોમલ ઘરે જાય. પમી અને અમોલ તેને ઘરના સભ્યની જેમ રાખે. તેની બધી જરુરિયાત પૂરી કરે.

આજે પમી નોકરી પર ગઈ. રોજ કૃષ્ણને પગે લાગીને જવાનો નિયમ. બરાબર દસ વાગે તેના બોસ આવ્યા અને પમીને બોલાવી. ખુશ જણાતા હતા.

પમીને કેબિનમાં બેસાડી, ચા મંગાવી. પમીને નવાઈ તો ખૂબ લાગી. બોસ એની સામે ટગર ટગર જોઈ રહ્યા હતા. અચાનક બોલ્યા, 'તમારા ઉમદા વિચારો અને કાર્યને કારણે કંપનીને લાખો રુપિયાનો ફાયદો થયો છે. આજે તમને ૧ લાખ રુપિયા આપી તમારું અભિવાદન કરું છું. તમારો પગાર પણ બમણો કરું છું. '

પમીને પોતાના કાન પર વિશ્વાસ ન બેઠો. પછી તો ફુલોનો ગુલદસ્તો આવ્યો. ઓફિસમાંથી મેનેજર આવ્યા. સહુએ પમીને અભિનંદન આપ્યા. આ હકિકત છે કે સપનું, જે હોય તે પમીને ગમ્યું.

પમીને થયું ' રાતના અમોલને જાતે સમાચાર આપીશ'.

કોમલને કહીને ખૂબ સુંદર રસોઈ બનાવડાવી. ફુલોનો ગુલદસ્તો લઈને ઘરે ગઈ. રાતના સરસ રીતે તૈયાર થઈને બેઠી. અમોલને નવાઈ લાગી પણ કશું બોલ્યા નહી. માત્ર આંખોથી પૂછ્યું , આજે શું છે?

પમીએ ધીરે રહીને કાનમાં કહ્યું.

ખરેખર ?

પમી તેને વળગીને બોલી 'હા'.

પૈસાનો ચેક બેંકમાં મૂકવા ગઈ ત્યારે દિમાગમાં જરા અભિમાન આવી ગયું. આટલા પૈસા અમોલ ક્યારે પણ લાવ્યા ન હતા. ખેર ગાડી રાબેતા મુજબ ચાલતી હતી. અમોલને પમીમાં થોડો ફરક લાગ્યો પણ કાંઈ બોલ્યો નહી. વર્ષોથી એ કમાતો હતો. ક્યારે પમીને ઓછું આવવા દેતો નહી. પમી સુંદર વ્યવહાર કરી ઘરમાં સહુના મન જીતી લેતી. અમોલના મમ્મી અને પપ્પાને પણ હ્રદયપૂર્વક આદર આપતી.

આ '૧ લાખ' રુપિયા અને કામમાં બઢતીએ તેને દિમાગમાં પારો વધાર્યો હતો. આજે નોકરી પરથી આવી રોજના નિયમ પ્રમાણે, કોમલ ચા લઈને આવી. ત્યાં ોઈએ બારણું ઠોક્યું.

કોમલે દરવાજો ખોલ્યો તેનો પતિ હતો. તેની સાથે વાત કરી જોઈતા પૈસા આપ્યા. પમીએ પૂછ્યું, 'કોમલ તારો પતિ પૈસા લેવા આવ્યો હતો'?

'જી, મેમ સાહેબ'

કેમ ?

મેમ સાહેબ ,"છેલ્લા ત્રણ મહિનાથી એની નોકરી છૂટી ગઈ છે. ગાડીમાં પેટ્રોલ ભરી પંપ પરથી બહાર આવતા સ્કૂટર તેને ઠોકાયુ. તેનો વાંક ન હતો. પણ શેઠની નવી ગાડી હતી એટલે તેમનો ગુસ્સો ગયો. શેઠે અપમાન કર્યું, તે મારા વરથી સહન ન થયું. ખૂબ વફાદાર હતો. દસ વર્ષની નોકરી હતી. છતાં નોકરી છોડીને આવી ગયો. ત્રણ મહિના થઈ ગયા. નવી નોકરી મળતાં વાર લાગે ને ?'

'તું કમાય છે, એ પૈસા તે કેમ આપ્યા.?'

'એવું કેમ બોલો છો બહેન ? આટલા વર્ષોથી એ સારું કમાતો હતો. મારા પૈસા હંમેશા બચત કરતો. હવે એની પાસે નોકરી નથી. કુટુંબમાં અમે ક્યારે મારા પૈસા તારા પૈસા કર્યું નથી. આજે એની પાસે નોકરી નથી, બહેન મને વિશ્વાસ છે જલ્દી પાછો નોકરી પર લાગી જશે'.

છેલ્લું વાક્ય પમીના હૈયામાં સોંસરું ઉતરી ગયું. નોકરી પર બઢતી મળી પછી એની વર્તણૂક બદલાઈ ગઈ હતી. ગયા મહિને અમોલે કહ્યું હતું, 'મારું જૂનું સ્કૂટર બહુ તકલિફ આપે છે. તું ૨૫ હજાર આપે તો નવું ખરીદવું છે. "

પમી,' તારા પૈસા ભેગા થાય ત્યારે લે જે. મારે હીરાની વીંટી લેવી છે'.

કોમલની વાત સાંભળી, પમીએ પૈસા બેંકમાં જમા કર્યા અને અમોલને ટેક્સટ મેસેજ કર્યો 'આજે ઘરે પાછા આવતા પહેલા સ્કૂટર બુક કરાવીને આવજે'.

**પ્રવિણા કડકીયા ,અમેરીકા**

## ગુજરાતી સાહિત્ય પરિષદમાં ચૂંટાયેલા સભ્યોને સરતી શુભેચ્છાઓ ??

ચાલો,
તમે ચૂંટાઈ ગયા
તમને અભિનંદન !
હારી ગયા
એમને નાભિનંદન !!
પણ,ચૂંટાયા એમને ખ્યાલ જ હશે કે
આ વિશ્વ આપણી માન્યતાથી પણ વિશાળ છે.
તમે કુંડાળામાં પૂરાઈ ના જતા.
કહેવાતાં મોટાં માથાંઓને બદલે
વાચકોની વાહવાહ મેળવવા મથજો.
રાજકારણ ના રમતા,
સાહિત્યકારણમાં ગળાડૂબ રહેજો.
બોલીને ફરી જવાની આવડતને અવગુણ માનજો.
તમને ખબર જ હશે કે તમે પણ એક સમયે નવોદિત હતા.
તો,
વર્તમાનમાં માત્ર ઊંચું જોઈને ચાલવાને બદલે એવા નવોદિતોનો પણ હાથ પકડજો કે જેમનામાં ખંત અને ખાંખત દેખાતી હોય.
અને હા,
તમે જે સંસ્થામાં ચૂંટાયા છો એનું એક મુખપત્ર પણ બહાર પડે છે.
એને બંધિયાર વાતાવરણમાંથી બને તો બહાર કાઢવા મથજો...
કેમકે,
એમાં જેનું કંઈ છપાય છે એનાથી હજારો ઘણું બીજા પણ સારું લખે છે એવી વિશાળતા વિકસાવવા પ્રયાસ કરજો.
અને
જો તમારા ભાગે કોઈ વિષયને ન્યાય આપવાનું આવે તો તમને આપવામાં આવેલી નક્કી નામોની યાદીની બહાર પણ નજર ફેરવશો.
એમાંથી તમને વિષયને ન્યાય આપતું ઉત્તમ સાહિત્ય સાંપડશે જ.
તમે સર્જક છો એટલે મારા તારાનો અને તટસ્થતાનો ભેદ તમને સમજાવવાનો ન હોય.
તમે સર્જક છો એટલે કોઈ એક રાજકીય વિચારધારાને સાહિત્ય સમર્પિત નથી એ સારી રીતે સમજી શકો છો.
સાહિત્ય તો સાહિત્યિક વિચારધારાને સમર્પિત હોય છે.
હું તમને વખાણું,તમે મને વખાણો અને આપણે અન્યોન્યને મહાન સાહિત્યકાર માનવાના ભ્રમમાંથી બહાર આવીએ અને અન્યને પણ બહાર લાવીએ કે જેથી આપણે બની બેઠેલા નહીં પણ વાચકોના સર્વસ્વીકૃત સર્જક બની રહીએ--
ગુજરાતી સાહિત્યના હિતમાં આ પ્રયાસ પણ કરી જોજો.
અગાઉ કેટલાક મૂરઘાઓને લાગતું કે એ નહીં બોલે તો સૂરજ ઊગવાનો જ નથી પણ એવા મૂરઘાઓ નથી બોલ્યા તોયે સૂરજને ઊગતો એ રોકી નથી શક્યા એ ભૂતકાળ જોશો તો ખ્યાલ આવી જશે.એટલે હવે વર્તમાનમાં એવો ભૂતકાળ દોહરાય નહીં એ માટે જાગૃત રહેજો એવી શુભેચ્છાઓ.
આશા તો વરસોથી રાખતા આવીએ છીએ કે આવી મોટી સંસ્થા દ્વારા ગુજરાતી ભાષાનું,સાહિત્યનું,સર્જકોનું સ્વમાન અને સન્માન જાળવવાના પૂરતા પ્રામાણિક પ્રયત્નો થશે.
ભલે ભૂતકાળમાં એવા પ્રયત્નો ના થયા હોય કે ઓછા થયા હોય, પણ આંખો ખુલ્લી રાખશો તો જરૂર દેખાશે કે એ કુંડાળાની બહાર રહીને પણ કેટલીક સંસ્થાઓ અને કેટલાક લોકો સાહિત્યાકાશમાં ચંદ્રની જેમ ચમકવાનું અને શીતળતા અર્પવાનું અદભૂત કામ કરી રહ્યાં છે એમને અવગણવાના મિથ્યાભિમાનથી બને તો બચજો.
સાહિત્ય પરિષદ એ ગણ્યાગાંઠ્યાની હાટડી નહીં પણ ગુજરાતી ભાષા બોલતા,વાંચતા અને લખતા સર્વ ગુજરાતી ભાષીઓ માટે હૃદયાલય બની રહે એવા આપના પ્રામાણિક પ્રયાસોને સમગ્ર ગુજરાતી ભાષી પ્રજાનો મીઠો આવકારો સાંપડતો જ રહેશે.
આવું સ્વ મૂલ્યાંકન કરતા રહેજો અને ગુજરાતી સાહિત્યની આ સંસ્થા એક બાગની જેમ મહેંકી ઊઠે એવા પ્રયાસોમાં યોગદાન આપતા રહેજો એવી હાર્દિક શુભેચ્છાઓ ??????
-- માણેકલાલ પટેલ

## ભાજપ સરકારે પેન્શનરોની દિવાળી બગાડી

દિવાળીનો તહેવાર એ સનાતન ધર્મનો મહત્ત્વનો તહેવાર છે. સમગ્ર દેશની જનતા દિવાળીનો તહેવાર ઉજવે છે. મોટા નાના દરેક વયના લોકો ઉજવણી કરે છે, બાળકો ફટાકડા ફોડીને ખુશી વ્યક્ત કરે છે તો મોટાઓ મીઠાઈ વહેંચી, રંગોળી કરી, નવા કપડાં પહેરી, સગા સંબંધીઓના ઘરે જઈ આનંદ વ્યક્ત કરે છે. ચોપડા પૂજન, લક્ષ્મી પૂજન કરવામાં આવે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પેન્શન મેળવતા શિક્ષક પેન્શનરો દિવાળીનો તહેવાર કઈ રીતે મનાવે તેની વિસામણમાં છે. સામાન્ય રીતે પેન્શન એ દરેક કર્મચારીનો હક છે અને પહેલી તારીખે તેમના ખાતામાં જમા કરવાનો નિયમ હોય છે પરંતુ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના શિક્ષક પેન્શનરોને આજરોજ તારીખ ૭ નવેમ્બર સાંજે ૭:૦૦ વાગ્યા સુધી પેન્શન જમા થયું નથી તેઓ કઈ રીતે દિવાળીની ઉજવણી કરે કઈ રીતે કૌટુંબિક ખરીદી કરે તેની મૂંઝવણમાં છે એક તરફ આઈએસ આઈપીએસ ઓફિસરો અને ઉચ્ચ સરકારી કર્મચારીઓને સમયસર પગાર થઈ જાય છે બીજી તરફ જેમના જીવનનો જીવવાનો આધાર જ પેન્શન છે તેવા પેન્શનરો દિવાળીના સમયે પેન્શનથી વંચિત છે. આ પેન્શનરોને પેન્શન નો તેમનો હક આપવામાં આવે કારણ કે જો એક દિવસમાં આ પેન્શન જમા નહીં કરવામાં આવે તો દિવાળીની રજાઓમાં આ પેન્શન ના રૂપિયા પેન્શનરોના કુટુંબને ઉજવણીમાં સહેજ પણ મદદ નહીં કરે
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ સરકારશ્રીને માંગ કરે છે કે જલ્દીથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ના શિક્ષક પેન્શનરોના ખાતામાં તેમના હકનો પગાર કરી દેવામાં આવે

# એમસીએક્સ પર કોટન-ખાંડી વાયદાના ભાવમાં રૂ.૮૪૦નો ઘટાડો: સોનાના વાયદામાં રૂ.૯૨ અને ચાંદીના વાયદામાં રૂ.૩૦૫ની નરમાઈ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર આ લખાઈ રહ્યું છે ત્યારે વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૩૭,૪૩૦.૪૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. સોનાનો ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૨ના ભાવઘટાડા સાથે રૂ.૬૦,૨૫૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો, જ્યારે ચાંદીનો ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૩૦૫ ઘટી રૂ.૭૦,૩૨૯ના ભાવ બોલાઈ રહ્યા હતા. આ સામે ક્રૂડ તેલનો નવેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૯૫ ઘટી રૂ.૬,૪૧૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કોટન-ખાંડીનો નવેમ્બર વાયદો ખાંડીદીઠ રૂ.૮૪૦ના ઘટાડા સાથે રૂ.૫૭,૧૨૦ના ભાવ બોલાઈ રહ્યા હતા.

મંગળવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં ૧૪,૨૪,૮૬૦ સોદાઓમાં કુલ રૂ.૧,૩૦,૨૧૮.૫૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૨૨,૪૨૦.૬૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૧૦૭૭૬૯.૪૬ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં મંગળવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં એમસીએક્સ પર ૨,૧૬,૬૭૯ સોદાઓમાં રૂ.૧૪,૯૭૪.૨૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૦,૫૯૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦,૬૦૩ અને નીચામાં રૂ.૬૦,૧૫૧ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૪૨૩ ઘટી રૂ.૬૦,૩૪૭ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની નવેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૦૨ ઘટી રૂ.૪૮,૯૧૯ અને ગોલ્ડ-પેટલ નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૪૦ ઘટી રૂ.૫,૯૮૭ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૫૩ ઘટી રૂ.૬૦,૩૬૫ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૨,૦૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૨,૦૦૦ અને નીચામાં રૂ.૭૦,૫૫૮ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૧,૪૮૩ ઘટી રૂ.૭૦,૬૩૪ ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧,૪૨૬ ઘટી રૂ.૭૦,૭૩૫ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧,૪૨૧ ઘટી રૂ.૭૦,૭૫૦ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં મંગળવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં એમસીએક્સ ખાતે ૧૨,૦૯૪ સોદાઓમાં રૂ.૧,૪૬૧.૩૭ કરોડના વેપાર થયા હતા. તાંબુ નવેમ્બર વાયદો રૂ.૭૧૧.૨૫ના ભાવે ખૂલી, રૂ.૩.૮૦ ઘટી રૂ.૭૦૯.૯૦ જ્યારે એલ્યુમિનિયમ નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૮૦ ઘટી રૂ.૨૦૮.૪૦ તેમ જ સીસું નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૦૫ વધી રૂ.૧૮૭ના ભાવ થયા હતા. જસત નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૫ વધી રૂ.૨૨૭ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની નવેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૭૦ ઘટી રૂ.૨૦૮.૫૫ સીસુ-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૦૫ ઘટી રૂ.૧૮૭.૧૦ જસત-મિની નવેમ્બર વાયદો રૂ.૦.૨૫ વધી રૂ.૨૨૬.૭૫ બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં મંગળવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં એમસીએક્સ પર ૧,૪૩,૧૨૦ સોદાઓમાં રૂ.૫,૯૬૦.૭૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ નવેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૭૩૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૭૩૦ અને નીચામાં રૂ.૬,૪૭૯ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૩૧૯ ઘટી રૂ.૬,૫૦૭ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની નવેમ્બર વાયદો રૂ.૩૧૭ ઘટી રૂ.૬,૫૧૨ બંધ થયો હતો. નેચરલ ગેસ નવેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૭૪ના ભાવે ખૂલી, રૂ.૯.૫૦ ઘટી રૂ.૨૬૨.૫૦ અને નેચરલ ગેસ-મિની નવેમ્બર વાયદો ૯.૩ ઘટી ૨૬૩ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં મંગળવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં એમસીએક્સ ખાતે રૂ.૨૪.૩૪ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી નવેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૭,૯૬૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૮,૧૦૦ અને નીચામાં રૂ.૫૭,૬૨૦ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૮૦ ઘટી રૂ.૫૭,૯૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫.૫૦ ઘટી રૂ.૯૪૫.૨૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ મંગળવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૫,૨૨૯.૦૨ કરોડનાં ૮,૬૫૨.૧૬૦ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૯,૭૪૫.૨૩ કરોડનાં ૧,૩૬૬.૮૯૦ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૨,૫૯૧.૪૯ કરોડનાં ૩૯,૨૨,૨૭૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૩,૩૬૯.૨૩ કરોડનાં ૧૨,૫૩,૨૯,૭૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૦૩.૫૬ કરોડનાં ૪,૯૭૨ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૫૪.૦૮ કરોડનાં ૨,૮૯૩ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૯૧૨.૮૦ કરોડનાં ૧૨,૮૬૩ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩૯૦.૯૩ કરોડનાં ૧૭,૨૯૪ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૧૪.૭૫ કરોડનાં ૨,૫૪૪ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૯.૫૯ કરોડનાં ૧૦૧.૧૬ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર મંગળવારે બંને સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૩૦૫.૬૩૫ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૨૩૭.૯૮૦ ટન, તાંબાના વાયદાઓમાં ૧૭,૦૯૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૧૬,૬૭૭ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૪,૦૫૫ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૮,૦૯૬ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૫,૩૮,૨૧૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૫,૨૭,૧૩,૦૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૬,૮૧૬ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૫૯૭.૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, મંગળવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૨૮.૪૪ કરોડનાં ૩૫૮ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૪૧૧ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ નવેમ્બર વાયદો ૧૫,૯૮૨ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૫,૯૮૨ અને નીચામાં ૧૫,૮૦૫ બોલાઈ, ૧૭૭ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૫૫ પોઈન્ટ ઘટી ૧૫,૮૪૨ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, મંગળવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૧૦૭૭૬૯.૪૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૬૦૮૦ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૮૨૨.૮૫ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૮૪૨૯૨.૧૫ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૩૫૪૫.૮૮ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૨૦૭૩.૨૫ કરોડનું થયું હતું.

મંગળવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૬,૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન

આભાર - નિહારીકા રવિયા કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૯૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૯૨ અને નીચામાં રૂ.૮૫ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૧૪૪.૨૦ ઘટી રૂ.૯૨.૨૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૨૭૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૫.૨૫ ખૂલી, ઉપરમાં રૂ.૧૬.૫૦ અને નીચામાં રૂ.૯.૭૫ રહી, અંતે રૂ.૪.૬૦ ઘટી રૂ.૧૦.૩૫ થયો હતો.

સોનું નવેમ્બર રૂ.૬૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૫૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૬૫ અને નીચામાં રૂ.૩૦૯.૫૦ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૨૦૨.૫૦ ઘટી રૂ.૩૩૧.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની નવેમ્બર રૂ.૬૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૨૯ ખૂલી, ઊપરમાં રૂ.૫૨૯ અને નીચામાં રૂ.૩૪૦ રહી, અંતે રૂ.૨૧૯.૫૦ ઘટી રૂ.૩૪૬ થયો હતો.

ચાંદી નવેમ્બર રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૩૮૫ના ભાવે ખૂલી, રૂ.૫૯૬ ઘટી રૂ.૮૫૫.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની નવેમ્બર રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૨૦૫ના ભાવે ખૂલી, રૂ.૬૪૦.૫૦ ઘટી રૂ.૮૬૪.૫૦ થયો હતો. તાંબુ નવેમ્બર રૂ.૭૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૬૫ ઘટી રૂ.૪.૨૬ જસત નવેમ્બર રૂ.૨૨૫ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૧ ઘટી રૂ.૩.૫૨ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૬,૬૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૦૮.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૩૦ અને નીચામાં રૂ.૧૦૮.૫૦ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૧૩૪.૩૦ વધી રૂ.૨૧૬.૧૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૨૭૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૧.૮૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૯.૬૫ અને નીચામાં રૂ.૧૧.૫૦ રહી, અંતે રૂ.૪.૮૦ વધી રૂ.૧૭.૭૦ થયો હતો.

સોનું નવેમ્બર રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૩૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૩૯.૫૦ અને નીચામાં રૂ.૨૩૦ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૧૩૬.૫૦ વધી રૂ.૩૫૭.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની નવેમ્બર રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫૯ ખૂલી, ઊપરમાં રૂ.૩૯૦ અને નીચામાં રૂ.૨૫૬.૫૦ રહી, અંતે રૂ.૮૯ વધી રૂ.૩૨૧ થયો હતો.

ચાંદી નવેમ્બર રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૪૬૦ના ભાવે ખૂલી, રૂ.૮૪૬ વધી રૂ.૨,૧૪૭ થયો હતો, જ્યારે ચાંદી-મિની નવેમ્બર રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૬૦૦ના ભાવે ખૂલી, રૂ.૩૪૦.૫૦ વધી રૂ.૮૫૮.૫૦ થયો હતો. તાંબુ નવેમ્બર રૂ.૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલો દીઠ રૂ.૦.૭૧ વધી રૂ.૩.૧૪ થયો હતો.

### "હવે ભેળસેળીયાઓની ખેર નથી" અને જાહેર બાંધકામની ગુણવત્તાની ચકાસણી માટે સુચના આપતા

# ગુજરાતના મુખ્યમંત્રીશ્રીની આ વાત જ ભાજપ સરકારના ૨૫ વર્ષના શાસનમાં સુનિયોજીત ચાલતા ભ્રષ્ટાચારનું એકરારનામું




### કમીશન વગર કોન્ટ્રાક્ટ નહીની નીતિના લીધે સરકારી જાહેર બાંધકામોમાં ગુણવત્તામાં મોટા પાયે સમાધાન થઈ રહ્યું છે: કમલમ અને કૌભાંડ એકબીજાના પર્યાય..!

"હવે ભેળસેળીયાઓની ખેર નથી" અને જાહેર બાંધકામની ગુણવત્તાની ચકાસણી માટે સુચના આપતા ગુજરાતના મુખ્યમંત્રીશ્રીની આ વાત જ ભાજપ સરકારના ૨૫ વર્ષના શાસનમાં સુનિયોજીત ચાલતા ભ્રષ્ટાચારનું એકરારનામું છે ત્યારે લાખો નાગરિકોના જીવન સાથે ચેડા કરતી ભાજપા સરકારની ભ્રષ્ટાચારી રીત રસમો પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, કમલમ અને કૌભાંડ એકબીજાના પર્યાય બની ગયા છે. કમીશન વગર કોન્ટ્રાક્ટ નહીની નીતિના લીધે સરકારી જાહેર બાંધકામોમાં ગુણવત્તામાં મોટા પાયે સમાધાન થઈ રહ્યું છે. મુખ્યમંત્રીશ્રી માત્ર કેબીનેટ પૂરતી વિગત આપી ચર્ચા કરી ફેસ સેવિંગ ન કરે. મુખ્યમંત્રી પાસે જ શહેરી વિકાસ અને મહેસૂલ વિભાગ તો નક્કર પગલાં કેમ આજદિન સુધી લેવામાં આવતા નથી ? મુખ્યમંત્રી સુચના આપી હેડલાઈન બનાવવાના બદલે નક્કર કાર્યવાહી કરે તો જ ગુજરાતની જનતાને રાહત મળશે.

ગુજરાતમાં વારંવાર રસ્તા તુટવા, કેનાલ તુટવી અને બ્રીજ ધરાશાયી થવાની ઘટના એ ભાજપા સરકારના ભ્રષ્ટાચારના બેનમૂન ઓળખ છે. શાળાઓના ઓરડાઓનું બાંધકામ ગુણવત્તા વિનાનું તો જવાબદાર કોણ ? એક જગ્યાએ મંત્રીએ ચકાસણી કરતાં હકિકત સામે આવી અન્ય શાળાઓનું શું? બાંધકામ થયું હોય તેના સુપરવિઝન અને ચકાસવાની જવાબદારી કોની ? નવા નિર્માણ પામનારા બ્રીજમાં પણ આ પ્રકારની સ્થિતિ છતાં આજદિન સુધી નક્કર પગલા કેમ ભરાતા નથી ? ઓવર કોસ્ટીગ ટેન્ડર આપવાનું અને ચૂંટણી ફંડ કમલમ પહોંચે, આ ગોઠવણ ના લીધે જનતાના ટેક્ષના નાણાં બારોબાર સગેવગે થઈ રહ્યા છે. ગુજરાતના જાહેર બાંધકામમાં મોટાપાયે ભ્રષ્ટાચારના કારણે ગુણવત્તા રહેતી નથી. બાંધકામમાં અનેક પ્રકારની ગેરરીતિઓ આવે છે સામે છતાં સરકાર વારંવાર સબસલામતના દાવા કરી રહી છે. ભ્રષ્ટાચારના આરોપમાં કોઈ એક પણ વ્યક્તિને પકડવામાં આવ્યો નથી અને જે પકડાય છે તે નાની માછલીઓ રજુ કરાય છે. મગરમચ્છો માલામાલ થઈ ભાજપ સાથેની ગોઠવણથી જનતાના નાણાંની સીસ્ટમ લૂંટ લાંબા સમયથી ચાલી રહી છે.હવાથી લઈ પાણી, મેવાથી લઈ મેડીસીન સુધી અશુધ્ધ અને હાનિકારક પદાર્થ બેફામ પણે વેચાણ કરવામાં આવે તે ખુબ ચિંતાનું કારણ છે. ભેળસેળ યુક્ત અશુધ્ધ ખોરાકથી મોટા પાયે જાહેર આરોગ્ય જોખમાઈ રહ્યું છે. સરકારની ભેળસેળ નિવારણ કાયદો માત્ર કાગળ પર છે. જુદી જુદી ભેળસેળ ચકાસવા અને ગુણવત્તા ચકાસવા માટેની પ્રાદેશીક ખોરાક પ્રયોગ શાળાની કામગીરી શંકાના દાયરામાં છે. મરચાની ભૂકીમાં લાકડાનો વહેર, ચાની અંદર જીણી લોખંડની કણીઓ, દૂધની અંદર સ્ટાર્ચ, દળાયેલી ખાંડમાં સોજી, ધોવાનો સોડા કે ચોકનું મિશ્રણ, ઘી અને માખણમાં વનસ્પતિનું મિશ્રણ, કઠોળ અને દાળમાં કૃત્રિમ રંગ, ખાદ્ય તેલમાં ખનીજ તેલનું મિશ્રણ ખુલ્લે આમ થતું હોય તેમ છતાં ભેળસેળથી બચવાના અભિગમનો સદંતર અભાવ અને ભેળસેળીયાઓને જાણે કે ખુલ્લોદોર મળી ગયો હોય તેમ કરોડો રૂપિયાનો વેપાર થાય તેમ છતાં સરકારની ઉંઘ ઉડતી નથી.

# સુરત ખાતે આવેલ ગુરુકૃપા ના ગોખવાળી માં મેલડી ના સ્થાનકે થઈ સાત દિવસીય પ્રવાસનું આયોજન કરાયું



સુરત શહેરનાં આંગણે ત્રિકમ નગરમા વરાછારોડ પર આવેલુ શ્રી ગુરૂકૃપાના ગોખવાળી મહામાયા, મહાશક્તિ, મહાદેવી, આધ્યશક્તિ સ્વરૂપ, ચૌદ બ્રહ્માંડની ભુવનેશ્વરી દેવી. જગત જનની પરમ પરમેશ્વરી, રાજમાન રાજ રાજેશ્વરી ભગવતી શ્રી મેલડી માઁ ના મંદીરે શ્રી રાજ રાજેશ્વરી મેલડી માઁ ના સાનિધ્યમાં અને સદ ગુરૂદેવશ્રી શ્રી ૧૦૦૮ શક્તિ પીઠાધિશ્વર પરમ પૂજ્ય માડીશ્રી ના માર્ગદર્શનથી તારીખ ૩૦/૧૦/૨૦૨૩ થી ૦૫/૧૧/૨૦૨૩ સુધી સાત દિવસીય યાત્રા સંઘનુ ભવ્ય આયોજન કરવામા આવ્યુ હતુ.આ પવિત્ર યાત્રા સંઘમાં શ્રી છીન્ન મસ્તીકા મંદીર (રાંચી), શ્રી તારામતી માઁ મંદીર (રાંચી), શ્રી સોળસી માતા મંદીર (રાંચી), શ્રી ભુવનેશ્વરી માતા મંદીર (રાંચી), શ્રી ધુમાવતી માતા મંદીર (રાંચી), શ્રી બગલા મુખી માતા મંદીર (રાંચી), શ્રી માતંગી માતા મંદીર (રાંચી), શ્રી કમલા માતા મંદીર (રાંચી)..., શ્રી વિશ્વનાથ મહાદેવ મંદીર (કાશી), શ્રી અન્નપૂર્ણા માતા મંદીર (કાશી), શ્રી કાળ ભૈરવ મંદીર (કાશી), શ્રી ગંગા ઘાટ આરતી (કાશી), શ્રી દુર્ગા માતા મંદીર (કાશી), શ્રી તુલસી માનસ મંદીર (કાશી), શ્રી ત્રિદેવ મંદીર (કાશી), શ્રી સંકટ મોચન હનુમાન મંદીર (કાશી)..., શ્રી મહાકાલેશ્વર મંદીર (ઉજ્જૈન), શ્રી હરસિદ્ધિ માતા મંદીર (ઉજ્જૈન), શ્રી કાળ ભૈરવ મંદીર (ઉજ્જૈન), શ્રી મહાકાળી માતા મંદીર (ઉજ્જૈન), શ્રી મસાણી મેલડી માતા મંદીર (ઉજ્જૈન), શ્રી ભૈરવ મંદીર ગોરખ ધુણો (ઉજ્જૈન), શ્રી બે મુખી માતા મંદીર (ઉજ્જૈન) જેવા પવિત્ર સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.આ પવિત્ર યાત્રા સંઘમા વડિલો, દિકરા-દિકરીઓ, સેવકો, ભક્તો થઈને ૧૨૦ માઈભક્તો જોડાયા હતા.આ પવિત્ર યાત્રા સંઘમા આવનાર દરેક માઈભક્તોએ સર્વ પ્રથમ શ્રી ગુરૂકૃપાના ગોખવાળી મેલડી માઁ ના દર્શન કરીને પ્રસ્થાન કર્યુ હતુ.યાત્રા સંઘમા પુરૂષ માઈ ભક્તોએ લાલ કુર્તા અને સફેદ પાઈઝામા પહેરીને યાત્રા સંઘમા પોતાનો ઉત્સાહ બતાવ્યો હતો.આ પવિત્ર યાત્રા સંઘમા રેલ્વેમા શ્રી ગુરૂકૃપાના ગોખવાળી મેલડી માઁ નો ફોટો સ્થાપિત કરવામા આવ્યો હતો જયાં સવાર સાંજ માતાજીની આરતી કરવામા આવતી હતી તેમજ માતાજીના ગુણગાન ગાઈને સત્સંગ કરવામા આવતો હતો.રાંચીમા રાત્રી રોકાણ હતુ એ હોટલથી સવારે શ્રી છીન્ન મસ્તીકા માતા મંદીરે જવા માટે ભવ્ય શોભાયાત્રાનુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા માઈભક્તો લાલ કુર્તા, સફેદ પાઈઝામા અને માથે પીળા સાફા પહેરીને ગરબે ઘુમ્યા હતા અને પછી વાગતા ઢોલે નાચતા કુદતા શ્રી છીન્ન મસ્તીકા માઁ મંદીરે પહોંચ્યા હતા જયાં સદ ગુરૂદેવ પરમ પૂજ્ય માડીશ્રી એ શ્રી છિન્ન મસ્તિકા માઁ ને ચાંદીનુ મોટુ છત્તર, લાલ ચુંદડી, શણગાર અને પ્રસાદ ધરાવ્યો હતો અને સેવકો, ભક્તો તેમજ જગતનુ કલ્યાણ થાય એના માટે સદ ગુરૂદેવ પરમ પૂજ્ય માડીશ્રી એ છિન્ન મસ્તીકા મંદીરે બ્રાહ્મણ દ્વારા યજ્ઞનુ આયોજન કર્યુ હતુ.આ પવિત્ર યાત્રા સંઘમા આવનાર માઈભક્તોને સદ ગુરૂદેવ પરમ પૂજ્ય માડીશ્રી એ શ્રી છીન્ન મસ્તીકા માતાનો મહિમા સમજાવ્યો હતો અને છિન્ન મસ્તીકા માઁ સદ ગુરૂદેવ પરમ પૂજ્ય માડીશ્રી ને રૂદીયે આવીને શુ વાતો કરી અને કઈ કઈ જગ્યાએ દર્શન આપ્યા હતા એ માઈભક્તોને જણાવ્યુ હતુ.સદ ગુરૂદેવ પરમ પૂજ્ય માડીશ્રી એ યાત્રા સંઘમા આવનાર દરેક માઈભક્તોને ચાંદીના બે સિકકા અને અખંડ જ્યોત માટે ની દિવડી આશિર્વાદ રૂપે ભેટ આપી હતી. આ પવિત્ર યાત્રા સંઘમા સદ ગુરૂદેવ પરમ પૂજ્ય માડીશ્રી ના માર્ગદર્શનથી સર્વ માઈભક્તોએ કાશીમા શ્રી વિશ્વનાથ મહાદેવ મંદીરે શિવધુન, શ્રી રામ મંદીરે રામધુન, શ્રી સંકટ મોચન હનુમાન મંદીરે શ્રી હનુમાન ચાલીસા ગાઈ હતી તેમજ અન્ય મંદીરોના પરિસરમાં માઈભક્તો ગરબે ઘુમ્યા હતા.શ્રી રામધુન, શિવધુન, શ્રી હનુમાન ચાલીસા અને ગરબે રમવામા યાત્રા સંઘના માઈભક્તો સાથે અન્ય ભક્તો પણ જોડાતા હતા જેનાથી મંદિરોમા વાતાવરણ ભક્તિમય બની જતુ હતુ.કાશીમાં દરેક માઈભક્તોએ બોટ (હોડી) મા બેસીને ગંગા નદીના અનેક ઘાટના દર્શન કર્યા હતા તેમજ સાંજે ગંગા ઘાટે થતી સંપુર્ણ મહાઆરતીના દર્શનનો લાભ બોટ (હોડી) મા બેઠા બેઠા લીધો હતો. આ પવિત્ર યાત્રા સંઘમા અનેક મંદીરે સદ ગુરૂદેવ પરમ પૂજ્ય માડીશ્રી નુ ત્યાંના મંદીરના પુજારીઓ દ્વારા ફૂલહાર પહેરાવી, ચુંદડી ઓઢાડી તેમજ ઉપવસ્ત્ર પહેરાવીને સ્વાગત કરવામા આવતુ હતુ. આ પવિત્ર યાત્રા સંઘ રેલ્વે મારફતે કાઢવામા આવ્યો હતો અને રાંચી, કાશી, ઉજ્જૈન જેવા શહેરોમા અલગ અલગ મંદીરે જવા માટે જરૂરીયાત પ્રમાણે પ્રાઈવેટ રિક્શાઓ અને પ્રાઈવેટ બસો નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.આ પવિત્ર યાત્રા સંઘમા આવનાર દરેક માઈભક્તો માટે દિવસ-રાત્રી રોકાણની, બે ટાઈમ ચા-નાસ્તાની , બે ટાઈમ જમવાની વ્યવસ્થા તેમજ દરેક જગ્યાએ મુસાફરી ની વ્યવસ્થા એક પણ રૂપિયો લીધા વગર નિઃશુલ્ક પણે કરવામા આવી હતી.યાત્રા સંઘ સમાપન થયા પછી સુરત પરત આવ્યા ત્યારે સુરત રેલ્વે સ્ટેશન પર ભક્તો દ્વારા સદ ગુરૂદેવ પરમ પૂજ્ય માડીશ્રી ને કંકુ ચોખાથી વધાવી, ફૂલહાર પહેરાવીને લાલ ચુંદડી ઓઢાડી વાગતા ઢોલે ભવ્ય સામૈયું કરવામા આવ્યુ હતુ.આમ આ પવિત્ર યાત્રા સંઘમા જોડાનાર સર્વ માઈભક્તોને શ્રી ગુરૂકૃપાના ગોખવાળી મેલડી માઁ અને સદ ગુરૂદેવશ્રી શ્રી ૧૦૦૮ શક્તિ પીઠાધિશ્વર પરમ પૂજ્ય માડી શ્રી ના આશિર્વાદથી અનેક દેવોના દર્શન લાભ મળ્યો.

**પાટણ જિલ્લા બ્યુરોચીફ નિખિલ જોષી**



**- ગાંધીનગર અને સાબરમતી નદી ના સાંનિધયમાં આવેલા પૌરાણિક ધોળેશવર મહાદેવને સોમવાર અને પવિત્ર અધિક માસ હોઈ પહાદેવને સુંદર ફૂલોની રંગોળીનો શણગાર જોઈ શીવભકતો એ ધન્યતા અનુભવી હતી પૌરાણિક ધોળેશવર મહાદેવના દર્શને આવનાર ની સંખ્યા વિશેષ હોય છે.. પરંતુ દિવાળીમાં શીવભકતો દર્શન તેમજ ભોળેનાથ સમક્ષ પ્રાર્થના કરવા ખાસ આવતા હોવાનુ મનહરસિંહ વાઘેલા. અને બિપિન નાયક ચાંદખેડા ગામ દ્વારા જણાવાયુ છે**



થરાદ ખાતે ચાલતી ભાગવત સપ્તાહમાં કૃષ્ણ જન્મોત્સવ આનંદ ઉલ્લાસ થી ઉજવવામાં આવ્યો હતો સમગ્ર વાતાવરણ જય કનૈયા લાલકી, હાથી ઘોડા પાલખી ના નાદથી કથા મંડપ ગુંજી ઊઠ્યો હતો

**ચાણસ્મા પો.સ્ટે પાર્ટ એ ગુ.ર નં -૧૧૨૧૭૦૦૬૨૨૦૦૪૩/૨૦૨૨ ઇ.પી.કો કલમ ૩૭૯(એ)(૧),૪૦૬ મુજબના ગુનાના કામે**

# ચોરીમાં ગયેલ રીક્ષા તથા આરોપીને પકડી પાડી અનડીટેક ગુનો ડીટેક્ટ કરતી ચાણસ્મા પોલીસ

**આઈ જી. પી. સા શ્રી જે. આર. મોથલીયા સરહદી રેન્જ ભુજ તથા પો. અધિશ્રી ડો.રવિન્દ્ર પટેલ સાહેબ પાટણનાઓએ મિલ્કત વિરૂધ્ધના બનતા ગુનાઓ શોધી કાઢવા સરૂ પોસ્ટે. વિસ્તરમાં સધન પેટ્રોલીંગ કરવા સારુ કરેલ સુચના આધારે તેમજ મેનાપો અધિ. સા શ્રી.ડી.ડી.ચૌધરી રાધનપુરનાઓના તથા પો.ઈન્સ.શ્રી એસએફ ચાવડા સાનાઓના સીધા માર્ગદર્શન હેઠળ ગઈ તા.૦૭/૧૧/૨૦૨૩ ના રોજ ચાણસ્મા પોલીસ સ્ટાફના માણસો ચાણસ્મા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન બાતમી હકીકત મળેલ કે એક ઈસમ ચાણસ્મા ઝીલીયા ગામે બસ સ્ટેશન આગળ ઉભેલ છે અને જે રીક્ષા ચોરીઓ કરવાની ટેવ વાળો છે જે હકીકત આધારે સુંદરી ઈસાને પકડી પાડી જેની સઘન પુછપરછ કરતાં નીચે મુજબનો ગુનો ડીટેક કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.**

**પકડાયેલ મુદામાલ -**

(૧) એક બજાજ કંપનીની સી.એન.જી રીક્ષા નંગ ૦૧ કિ રૂ.૩,૦૦,૦૦૦/-

પકડાયેલ આરોપીનું નામ-સરનામુંઃ-

**(૧) સુરેશજી પ્રહલાદજી તલાજી જાતે.ઠાકોર રહેમુળ ઝીલીયા તાચાણસ્મા હાલ હે અમદાવાદ થતેજ લાવ તળાવ પાસે ઠાકોસ્વાસ તા જી અમદાવાદ**

ડિટેક્ટ થયેલ ગુનાની વિગતઃ-

(૧) ચાણસ્મા પોસ્ટે ગુરને ૧૧૨૧૭૦૦૬૨૨૦૦૪૩/૨૦૨૨ ઈ.પી કો કલમ ૩૭૯(એ)(૧)૪૦૬ મુજબ

આરોપીનો પુર્વે ગુનાહીત ઈતિહાસઃ-

(૧) અડાલજ પો.સ્ટે ગુરનં-૧૧૨૧૬૦૦૧૨૦૦૦૧૨ ઈપીકોલમ ૩૭૯

(૨) સોલા પો.સ્ટે ફ ગુ.ર નં-૫૯/૨૦૧૬ ઈ.પી.કો કલમ ૩૭૯

(૩) સોલા પો.સ્ટે ગુ.ર નં ૧૧૧૯૧૦૪૫૨૧૦૨૭૨ ઈ.પી.કો કલમ ૩૭૯

(૪) સરખેજ પોસ્ટે ગુ.ર નં-૧૧૧૯૧૦૪૮૨૧૧૧૧૬ ઈ.પી.કો કલમ ૩૭૯

(૫) સરખેજ પોસ્ટે ગુરનં ૧૧૧૯૧૦૪૮૨૧૧૧૭૨ ઈ.પી.કો કલમ ૩૭૯

(૬) સોલા પો.સ્ટે ગુ.ર નં ૧૧૧૯૧૦૪૫૨૦૦૦૩૯ ઈ.પી.કો કલમ ૩૭૯

(૭) ગાંધનગર સેક્ટર ૭ પો.સ્ટે ગુરનં-૧૧૨૧૬૦૦૮૨૦૦૪૭૮ ઈ.પી.કો કલમ ૩૭૯

(૮) ગાંધીનગર ઈન્ફોસીટી પો.સ્ટેગુર નં-૧૧૨૧૬૦૧૧૨૦૦૧૮૭ ઈ.પી.કો કલમ ૩૭૯



બાતમી મેળવનાર કર્મચારીની વિગતઃ-

(૧)અ.હેડ.કોન્સ.અમિતસિંહ માનસિંહ

(૨) અપોકો યોગેશગીરી રમેશગીરી

(૩) આ.પો.કો.હરદીપસિંહ મનોહરસિંહ

કામગીરી કરનાર પોલીસ અધિકારી/ કર્મચારીની વિગતઃ- (૧) શ્રી એસ.એફ.ચાવડા પોલીસ ઈન્સપેકટર ચાણસ્મા પોસ્ટે

(૨) પો.સ.ઈ શ્રી બીએસ ચૌધરી ચાણસ્મા પોસ્ટે

(૩) અ.હેડ.કોન્સ.અમિતસિંહ માનસિંહ

(૪) અ.હેડ.કોન્સ જીલુસંગ ભવાનજી

(૫) અ.પો.કો ધનજીભાઈ ખેતાભાઈ

(૬) અ.પો કો યોગેશગીરી રમેશગીરી

(૭) આ.પો.કો.હરદીપસિંહ મનોહરસિંહ

(૮) આપો.કો સાગરકુમાર મફતલાલ

(૯) અ.પો કો ઉમંગકુમાર જગજીવનભાઈ

તસ્વીર અને અહેવાલ માનસિંહ ચૌધરી

# જાનના જોખમે ગુનેગારો આનંદનગર પોલીસ સ્ટેશનના ડી સ્ટાફે ઝડપી લીધા!! પોલીસ સ્ટાફ ને અભિનંદન!!



તાજેતરમાં આનંદનગર ૧૦૦ ફુટ રોડ પર આવેલ સેલ પેટ્રોલ પંપના મેનેજરને પિસ્તોલ બતાવી રોકડ કેશ લૂંટી ભાગતા હતા તે દરમિયાન આનંદનગર પોલીસ સ્ટેશનના ડી સ્ટાફ ના વીરેન્દ્રરસિંહ અને રાજેશ બે કોન્સ્ટેબલોએ ભાગતા હતા ત્યારે પીછો ઝડપી લીધાં હતા.

ગુનેગારે તો વીરેન્દ્રસિંહ સામે પિસ્તોલ તાકી હતી ત્યારે સમય સૂચકતા અને કુનેહથી પિસ્તોલ નીચે પાડી દઈ જાન ના જોખમે ગુનેગારો ને મુદ્દામાલ સાથે પકડી ફરજ પ્રત્યે નિષ્ઠા કુનેહ સમયસૂચકતા વાપરી પ્રજાનો પોલીસ પ્રત્યે નો વિશ્વાસ અને સન્માન ની લાગણી જન્મી છે પોલીસ કમિશનર જ્ઞાનેદ્ર સિંહ દ્વારા પ્રશંસનીય કામગીરી માટેનું પ્રશંષાં પત્ર આપવામાં આવ્યું છે , જાનના જોખમે ગુનેગારો ને પકડનાર પોલીસ કોન્ટબલને રાજપુત સામાજિક કાર્યકર મનહરસિંહ વાઘેલા અને હરીસિંહ રાજપૂત તેમજ રાજપુત સમાજ અમદાવાદ પચિમ દ્વારા અભિનંદન આપવામાં આવ્યા છે

# ડાંગ જિલ્લામાં માનવભક્ષી દીપડાનો આંતક યથાવત

★ડાંગ જિલ્લામાં માનવભક્ષી દીપડાનો આંતક યથાવત જ છે એનું નિરાકરણ આવશે કે પછી હજુ બીજાના જીવને જોખમમાં મૂકવામાં આવશે તે યથાવત પ્રશ્ન...?★

ડાંગ જિલ્લામાં દીપડાનો આતંક યથાવત છે. ડાંગ જિલ્લાના આહવા તાલુકામાં નડગખાડી ગામમાં માનવભક્ષી દીપડાએ ૫૩ વર્ષીય આધેડનો જીવ લીધો છે. માનવભક્ષી દીપડાએ આધેડને ફાડી ખાતા સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો છે. આ ઘટનાને પગલે વન વિભાગે દીપડાને પકડવા માટે કવાયત હાથ ધરી છે.

સવારે દીપડાએ કર્યો હતો હુમલો

મળતી માહિતી અનુસાર, ડાંગ જિલ્લાના આહવા તાલુકાના નડગખાડી ગામે રહેતા મોતીરામ રાઉત (ઉં.વ ૫૩) આજે સવારે ૬ વાગ્યાની આસપાસ શૌચક્રિયા માટે જઈ રહ્યા હતા, ત્યારે માનવભક્ષી દીપડાએ તેમના પર હુમલો કર્યો હતો. જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. આ અંગેની જાણ થતા વન સંરક્ષક, ઈર્લ્લ, સરપંચ સહિતનાઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

સ્થાનિકોમાં ફફડાટ

જે બાદ મૃતક મોતીરામના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. આ ઘટનાને પગલે વનવિભાગે દીપડાને પકડવાની કવાયત હાથ ધરી હતી. તો આ ઘટનાને પગલે સ્થાનિકો લોકોમાં ફફડાટ ફેલાયો છે.

ખેડૂત પર કર્યો હતો હુમલો

અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ તાલાલા તાલુકાના જશાપુર ગીર ગામે ખેડૂત અને શ્રમજીવીઓ પર હિંસક દીપડાએ હુમલો કર્યો હતો. જેમાં ખેડૂત સહિત બેને ગંભીર ઈજા પહોંચતા તેઓને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા. જે બાદ વન વિભાગની ટીમ દોડતી થઈ હતી. વનવિભાગની ટીમે દીપડાને ટ્રાન્ક્વિલાઈઝર ગનથી બેશુધ્ધ કરી પકડી પાડયો હતો.

# ઉત્તર પ્રદેશમાં ગૌ સંવર્ધન માટે મળતી સબસીડીની રકમ રૂ. ૩૦ ને બદલે રૂ. ૫૦ કરાઈ

યુપી સરકારે પશુપાલકોની જાળવણી માટે આપવામાં આવતી રકમમાં વધારો કર્યો છે. ઉત્તરપ્રદેશનાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું છે કે ઢોરઢાંખર પર લમ્પી વાયરસની ખરાબ અસર જોવા મળી છે. ચેપને કારણે ઘણા રાજ્યોમાં પશુધનને વ્યાપક નુકસાન થયું છે. નિરાધાર પશુઓ અને ગાયોની સેવા કરતા તમામ પરિવારોને ગાયોની જાળવણી માટે દરરોજ રૂ. ૩૦ પ્રતિ ગાયના દરે ખોરાક આપવામાં આવે છે. હવે તેને વધારીને ૫૦ રૂપિયા પ્રતિ ગાય પ્રતિ દિવસ કરવી. આ સંબંધમાં કોઈ બાકી રકમ ન હોવી જોઈએ.



અત્રે ઉલેખ્ખનીય છે કે ઉત્તર પ્રદેશનાં મુખ્ય મંત્રી યોગી આદિત્યનાથજી સાથે ભારત સરકારનાં પશુપાલન મંત્રાલયનાં માનદ સલાહકાર મિત્તલ ખેતાણી અને કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈન – રાજકોટનાં પ્રતિક સંઘાણી, રમેશભાઈ ઠક્કરે લખનૌ ખાતે હિંદુ ધર્માચાર્ય મહાસભાનાં આંતરરાષ્ટ્રીય મહામંત્રી અને સંયોજક પ. પૂ પરમાત્માનંદ સ્વામીજીનાં આશિર્વાદ સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાતમાં જીવદયા-ગૌસેવાના વિવિધ વિષયો અંગે પરિણામલક્ષી ચર્ચા કરવામાં આવી હતી. આ ચર્ચામાં ઉત્તર પ્રદેશની તમામ પાંજરાપોળ/ગૌશાળાને કાયમી, દૈનિક પ્રતિ પશુ પ્રતિદીન ૫૦ રૂપીયા સબસીડી આપવામાં આવે કારણ ઉત્તર પ્રદેશની તમામ પાંજરાપોળ, ગૌશાળામાં અત્યારે સતત અબોલ જીવોની સંખ્યા વધતી જાય છે તેવી રજૂઆત પણ કરવામાં આવી હતી. સમગ્ર રાષ્ટ્રનાં મુખ્યમંત્રીશ્રીઓ, રાજ્યપાલશ્રીઓ, પશુપાલનમંત્રીશ્રી અને અધિકારીશ્રીઓને મળી સંસ્થાની ટીમ જીવદયા, ગૌસેવા, ગૌ રક્ષા, શાકાહારનાં પ્રચાર પ્રસાર માટે એનિમલ હેલ્પલાઈનની ટીમ કાર્યરત બની છે તેમજ અનેક રાજ્યોમાં આ અંગે મહત્વની સફળતા મળી છે. તે જ શ્રુંખલામાં આ નિર્ણય પણ આવ્યો છે. જેમાં પણ સંસ્થાએ મહત્વનો ભાગ ભજવ્યો છે.

ઉત્તર પ્રદેશમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથજી સત્વરે આવો નિર્ણય લઈને પશુપાલકોની મદદે આવ્યા છે તે માટે કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ – એનિમલ હેલ્પલાઈનનાં મિત્તલ ખેતાણી, પ્રતિક સંઘાણી, રમેશભાઈ ઠક્કર, ધીરુભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠક્કર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ, ગૌરાંગભાઈ ઠક્કર, પારસભાઈ ભરતભાઇ મહેતાએ જીવદયા પ્રેમી, ગૌ ભક્ત, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથજીનો આભાર માન્યો છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.